# ટપુક E-MAGAZINE

Volume 2, Issue 7

October 2024

૨૬ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત





## રિલાયન્સ ફાઉન્ડેશન વતી, પ્રભાત ઝા, નીલંજના લાહિરી અને તુષાર કાશ્મીરીએ FIAના ઝડપી મૂલ્યાંકન અંગે મુલાકાત લીધી.



## તાલીમ અને શિક્ષણ

### LAMP ટીમના કાર્યકરોએ ભચાઉ – કચ્છ ખાતે ઉન્નતી સંસ્થામાં ૨૨ થી ૨૫ ઓક્ટોબર દરમિયાન તાલીમમાં ભાગ લીધો.





૧૪ થી ૧૬ ઓક્ટોબર ૨૦૨૪ દરમિયાન બર્ડ – મેંગલુરુ, કર્ણાટક ખાતે ઓનલાઈન - ઓફલાઈન માર્કેટિંગ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેત ઉત્પાદક સંગઠનના સીઈઓ વિશાલ ભેડા અને જેન્તી સરવૈયાએ આ બેઠકમાં ભાગ લીધો હતો અને પ્રેક્ટિકલ સત્રો, કેસ સ્ટડીઝ અને ચર્ચાઓ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.




ટપુક E-MAGAZINE
Volume 2, Issue 7
October 2024

**તા.૦૯-૧૦-૨૦૨૪ લેમ્પ પ્રોગ્રામ અંતર્ગત આંગણવાડી કાર્યકર બહેનો અને મદદનીશ બહેનોની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૩૬ બહેનોને પ્રારંભિક બાળ શિક્ષણનાં મોડ્યુલ ૧ થી ૪ ની તાલીમ આપવામાં આવી. સમગ્ર તાલીમ કાર્યક્રમ દરમ્યાન CDPO – અમરેલી  હાજર રહ્યા.**









ટપુક E-MAGAZINE
Volume 2, Issue 7
October 2024

## એચઆર અને ડિજિટલ માર્કેટિંગ માટે ૧૦મી ઑક્ટોબર અને ૧૬મી ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ સેવા તરંગ સાથે સંસ્થાની ઑનલાઇન બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું.




## ૧૦મી ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ VFS ના વિદ્યાર્થીઓ સાથે તેમની ઇન્ટર્નશિપ માટે ઑનલાઇન ઓરિએન્ટેશન મીટીંગ કરવામાં આવી



ટપુક E-MAGAZINE
Volume 2, Issue 7
October 2024

## આરોગ્ય અને પર્યાવરણ

**ગોંડલ વિસ્તારના ૬ ગામોમાં પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરી કુલ ૧૧૨૪ પશુઓની સારવાર કરી. તેમજ ૬ ગામોમાં નાણાકીય જોડાણ શિબિરો યોજવામાં આવી હતી જેમાં ૨૯૧ લોકોએ ભાગ લીધો હતો.**








**PU ટીમ INGJ45 દ્વારા નવરાત્રી ઉત્સવના ૯મા દિવસે ચિત્તલમાં ૯૦ દીકરીઓને ચકલીના માળા ભેટમાં આપવામાં આવ્યા. જેના દ્વારા પર્યાવરણ જાગૃતિ અને પંખી સંરક્ષણનો સંદેશ પ્રસરીત કરવામાં આવ્યો.**





ટપક E-MAGAZINE

Volume 2, Issue 7

October 2024

## કૃષિ ઉત્પાદકતા અને આર્થિકજન્ય જોખમો

**૧૪મી ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ ખાંભા, ટીંબી અને ધોકડવાની ક્લસ્ટર ટીમ માટે ભગીરથ હોટલ – ગાંગડા ખાતે સમીક્ષા અને શીખવાની માસિક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોજેક્ટની પ્રગતિ અંગે ચર્ચા કરવામાં આવી.** **પ્રોજેક્ટની પ્રગતિ અંગે ચર્ચા કરવામાં આવી.**





**૧૮મી ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ લાઠી અને ચિતલની ક્લસ્ટર ટીમ માટે એસ.એસ.કે.કે ઓફીસ ખાતે સમીક્ષા અને શીખવાની માસિક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોજેક્ટની પ્રગતિ અંગે ચર્ચા કરવામાં આવી.** **પ્રોજેક્ટની પ્રગતિ અંગે ચર્ચા કરવામાં આવી.**






E-MAGAZINE

Volume 2, Issue 7

October 2024

**૮મી ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ સોરઠ એફપીઓ અને ધોકડવા કાર્યક્ષેત્રની ટીમ સાથે ઓનલાઈન મીટીંગ કરી ચર્ચા કરવામાં આવેલ. જેમાં મહત્વપૂર્ણ ચર્ચાઓ અને ભવિષ્ય માટેની વ્યૂહરચનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.**




**કોર ટીમની મીટીંગ તા. ૦૫-૧૦-૨૦૨૪ના રોજ ઓનલાઈન યોજાઈ. જેમાં સંસ્થાકીય જવાબદારી અને કાર્યની સમીક્ષા કરવામાં આવી.**



સંસ્થામાં સ્વયંસેવા માટેની તકો જોવા અલીશા જમાલ (યુએઈના 16 વર્ષની વિદ્યાર્થીની) સાથે ઓનલાઈન ઓરિએન્ટેશન મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.




૮મી ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ ઉદ્યોગસાહસિક માટે એક ઓનલાઈન મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.



**૧૭ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ ISR ટીમ સાથે સંસ્થાની નીતિ અને સંઘર્ષ વ્યવસ્થાપન મુદ્દે ચર્ચા કરવામાં આવી, જેમાં સંસ્થાના ઉપયોગી નીતિ અમલ અને સંઘર્ષ ઉકેલવાના માર્ગો પર વિચારવિમર્શ કરવામાં આવ્યો.**




**૨૬ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ ગાંગડા ખાતે INGJ27 ધોકડવા ક્લસ્ટરના અગ્રણી ખેડૂતો માટે ક્ષમતા નિર્માણ કાર્યક્રમ યોજાયો, જેમાં ખેતી અને પરામર્શ કૌશલ્ય વિકાસ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું.**



ટપક E-MAGAZINE
Volume 2, Issue 7
October 2024

૧૯ મી ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ PU ટીમના સભ્યો માટે SSKK, અમરેલી ખાતે એક દિવસીય કાર્ય અને આજીવિકા પર ઓરિયન્ટેશન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. આ વર્કશોપનો ઉદ્દેશ્ય મુખ્યત્વે યોગ્ય કાર્યની સમજણ, તેમાં આવનારા અવરોધો, દેખરેખ માટેના માર્ગદર્શક સિદ્ધાંતો, હિસ્સેદારોની દેખરેખ અને PU આધારિત કેસ સ્ટડીની ચર્ચા કરવી હતો. આજીવિકા ક્ષેત્રમાં કેસ સ્ટડીઝ અને ઉપચારાત્મક પ્રક્રિયાના વિકાસ માટે આ વર્કશોપ દ્વારા LMRSના મેપિંગ પર પણ ધ્યાન કેન્દ્રિત કરાયું.






## ૧૯૮ ખેડૂતોને ડ્રોન સ્પ્રે અને પાણીમાં દ્રાવ્ય ખાતરોના નિદર્શન જેવી સારી કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.




**સંસ્થાના કાર્યવિસ્તારમાં બેટર કોટન કાર્યક્રમ અંતર્ગત ઈનપુટ સેન્ટર, રીજનરેટીવ નિદર્શન પ્લોટની ખેડૂતોને મુલાકાત, ફાર્મ વર્કર તાલીમ મૉડ્યૂલ-૨ અને પોસ્ટ હાર્વેસ્ટ તાલીમ, કપાસ દિવસની ઉજવણી, એસએમસી કમિટી મુલાકાત, અને સરકારી કાર્યાલયોની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું.આ સાથે પર્યાવરણ જાગૃતિ લાવવા માટે ૧૦ ખેડુતોને ગ્રીન સ્ટવ આપવામાં આવ્યા.**










ટપુક E-MAGAZINE
Volume 2, Issue 7
October 2024

**આબોહવા અનુકૂલનશીલ ખેતી શરૂ કરવા માટે ૧૬૫ ખેડૂતોને સૌર લાઈટ ટ્રેપનું પ્રદર્શન અને બાયો ન્યુટ્રિઅન્ટ કીટ આપવામાં આવી હતી જેમાં ૩૦ ગામની ૧૭૧ હેક્ટર જમીનને આવરી લેવામાં આવી હતી. ૧૩ ગામોમાં પોષણ હેતુ માટે ૨૮૪ RNG કીટનું વિતરણ કરવામાં આવ્યું. ૨ ગામોમાં ડિજિટલ આઉટરીચ પ્રોગ્રામ કરવામાં આવ્યા.**








**આ મહિને કુલ ૭૫૩ મહિલાઓને પશુઓના સ્વાસ્થ્ય અને ઉછેરની પદ્ધતિઓમાં વધારો કરીને તેમની આજીવિકા સુધારવા માટે મદદ કરવામાં આવી હતી તેમજ ૧૧ ગામોના ૧૧ સ્વ સહાય જૂથોને પશુઓના સ્વાસ્થ્ય અને ઉછેરની પદ્ધતિઓમાં સુધારો કરવામાં મદદ કરવા માટે ચાફ કટર આપવામાં આવ્યા હતા.**







**જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રોડ્યુસર કંપની લી. સાથે જોડાયેલ ખેડૂતોને સભાસદ ભેટ આપવામાં આવી. તેમજ લાઠી ક્લસ્ટરના જૂથોમાંથી ૮૭ અને ધોકડવા કલસ્ટના જૂથોમાંથી ૮૪ નવા સભાસદો સોરઠ એગ્રીકલ્ચર પ્રોડ્યુસર કંપની લી. અને ખાંભા કલસ્ટરના ૧૦૦ સભાસદોને અવિરત એગ્રો પ્રોડ્યુસર કંપની લી અને ટીંબી કલસ્ટરના ૧૦૦ સભાસદોને અને ચિતલ ક્લસ્ટરના ૮૭ નવા સભાસદોને જાફરાબાદએગ્રીકલ્ચર પ્રોડ્યુસર લી.માં જોડવામાં આવ્યા.**



**૨૨મી ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ બાબરા ખાતે પ્રોગ્રામ યુનિટ ચિતલ કલસ્ટર અને લાઠી કલસ્ટરના લીડર ખેડૂતોને ફાર્મર પ્રોડ્યુસર કંપની અંગે તાલીમ આપવામાં આવી.**









**Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here**